# રાજકોટ મહાનગરપાલિકા આવાસ યોજના વિભાગ ખાતે પેનલ એડવોકેટ તરીકે કામ કરવા માટે એડવોકેટશ્રીએ ભરવાનું અરજી પત્રક

| | |
|---|---|
| એડવોકેટનું પુરૂ નામ | |
| એડવોકેટનું રાજકોટ ખાતેના નિવાસ્થાનનું પુરૂ સરનામું | |
| એડવોકેટ રાજકોટ શહેર ખાતે ઓફિસ ધરાવે છે ? | હા અથવા ના : |
| જો રાજકોટ શહેર ખાતે ઓફિસ ધરાવતા હોય તો ઓફિસનું પુરૂ સરનામું | |
| મોબાઇલ નંબર | |
| **LLB** ની ડીગ્રીની વિગત | યુનિવર્સિટી :<br><br>વર્ષ : |
| બાર કાઉન્સીલમાં નોંધણી અંગેનો નંબર | |
| આધાર કાર્ડ નંબર | |



ફોર્મ ભરનાર એડવોકેટનું નામ : ..................................... ફોર્મ ભરનાર એડવોકેટની સહી : .................

| પ્રત્યેક, કન્વેયન્સ ડીડ/ વેંચાણ દસ્તાવેજ નોંધણી માટે/ એસોશિયેશન ઓફ પર્સનની નોંધણી માટે કેટલા ચાર્જથી કામ કરવા માંગો છો તેની વિગત (રૂપિયામાં) | |
|---|---|
| રકમ આંકડામાં | |
| રકમ શબ્દમાં | |

**નોંધ : કન્વેયન્સ ડીડ, વેંચાણ દસ્તાવેજ નોંધણી માટે, એસોશિયેશન ઓફ પર્સનની નોંધણી આ તમામનો એકજ ભાવ ભરવાનો રહેશે અલગ અલગ ભાવ ભર્યે ભાવ આપોઆપ રદ્દ થશે.**

## <u>પેનલ એડવોકેટશ્રીએ કરવાની કામગીરીની વિગત :</u>

૧. લાભાર્થી દ્વારા આવાસ પેટે ભરવા પાત્ર રકમ ભર્યે, અત્રેથી લાભાર્થીનું દસ્તાવેજ કરવા માટેનું ફોર્મ એડવોકેટને અલોટ કરવામાં આવશે. આ ફોર્મ એડવોકેટશ્રીએ આવાસ યોજના વિભાગ ખાતેથી પરભારે મેળવવાનું રહેશે.

૨. લાભાર્થી દ્વારા એડવોકેટનો કોન્ટેકટ કર્યે દસ્તાવેજ નોંધણી અંગે જરૂરી તમામ માહિતી આપવાની રહેશે.

૩. તેમજ દસ્તાવેજ/ કન્વેયન્સ ડીડ/ AOP નોંધણી માટે અપોઇન્ટમેન્ટ લેવાની કામગીરી અને આ માટે સરકારશ્રીના PORTAL પર જરૂરી એન્ટ્રી કરવાની રહેશે. અપોઇન્ટમેન્ટ માટે ઓન લાઇન ભરવા પાત્ર સરકારી ફી (ફોલિયો ચાર્જ) સિવાય અરજદાર પાસેથી કોઇ વધારાનો ચાર્જ લઇ શકાશે નહિ. એટલેકે ડેટા એન્ટ્રી ચાર્જ કે અન્ય કોઇ ચાર્જ લઇ શકાશે નહિ.

૪. દસ્તાવેજ/ કન્વેયન્સ ડીડ/ AOP નો ડ્રાફ્ટ તૈયાર કરવાનો રહેશે. આ ડ્રાફટમાં એડવોકેટશ્રી કક્ષાએ ભુલ થયે અને ચુક સુધારાની સ્થિતિ ઉદ્દભવ્યે ચુકસુધારાની કાર્યવાહી એડવોકેટ દ્વારા સ્વખર્ચે કરી આપવાની રહેશે.



ફોર્મ ભરનાર એડવોકેટનું નામ : ..................................... ફોર્મ ભરનાર એડવોકેટની સહી : .................

૫. દસ્તાવેજ/ કન્વેયન્સ ડીડ/ AOP નોંધણી થયા બાદ એડવોકેટશ્રીએ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરીએથી પરભારે મેળવી, ઓરીજીનલ દસ્તાવેજ તથા દસ્તાવેજની ૦૨ ઝેરોક્ષ કોપી પરભારે આવાસ યોજના વિભાગ ખાતે દિવસ – ૦૩ માં જમાં કરાવવાની રહેશે. આ માટે કોઇ અલગ ચાર્જ લઇ શકાશે નહિ.

૬. એડવોકેટશ્રીએ લાભાર્થીને દસ્તાવેજ/ કન્વેયન્સ ડીડ/ AOP નોંધણી માટે નિયત થયેલ ફી રકમની રીસીપ્ટ અરજદારને આપવાની રહેશે. તેમજ આ રીસીપ્ટમાં સ્ટેમ્પ ડયુટી પેટે વસુલેલ રકમ, ઓન લાઇન ભરેલ સરકારી ફી (ફોલિયો ચાર્જ) ની રકમ સહિત વસુલ લીધેલ તમામ રકમનો ઉલ્લેખ કરવાનો રહેશે. આ માટે ફી રીસીપ્ટનો નિયત નમુનો આવાસ યોજના વિભાગ દ્વારા આપવામાં આવશે.

૭. એડવોકેટશ્રીએ લાભાર્થી દ્વારા અપોઇન્ટેમેન્ટ માટે સ્ટેમ્પ ડયુટીની રકમ સાથે સંપર્ક કર્યે, સંપર્ક કર્યાના દિવસે જ અપોઇન્ટમેન્ટ લઇ આપવાની રહેશે.

૮. એડવોકેટ દ્વારા દસ્તાવેજ/ કન્વેયન્સ ડીડ/ AOP નોંધણી પેટે નિયત ચાર્જ કરતા વધુ ચાર્જ વસુલ કર્યાના કિસ્સામાં એડવોકેટ પેનલમાંથી દુર કરવામાં આવશે.

૯. એડવોકેટ દ્વારા પ્રત્યેક દિવસે કઇ કયા ઝોનમાં દસ્તાવેજ નોંધણી અંગેની કેટલી અપોઇન્ટમેન્ટ છે તેની વિગત આગલા દિવસે નિયત નમુનાના પત્રકમાં આ અંગેના WHATSAPP ગ્રુપમાં મુકવાની રહેશે. જેથી રાજકોટ મહાનગરપાલિકા કક્ષાએ દસ્તાવેજ કરનાર જવાબદાર અધિકારી આગોતરૂ આયોજન કરી શકે.

૧૦. અસોશિયેશન ઓફ પર્સનની નોંધણી માટે એડવોકેટશ્રીએ ડ્રાફટ તૈયાર કરાવી આવાસ યોજનાના સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવવાનો રહેશે. તેમજ નોંધણી અંગેની કાર્યવાહી કરી ઓરીજીનલ હાર્ડ કોપી આવાસ યોજના વિભાગ ખાતે મોકલી આપવાની રહેશે.

૧૧. એડવોકેટ પેનલમાં સામેલ થવા ઇચ્છતા એડવોકેટ રાજકોટ શહેર ખાતે ફરજિયાત ઓફિસ/ ઘર ધરાવતા હોવા હોવા જોઇએ. એટલેકે રાજકોટ ખાતે એડવોકેટ તરીકે પ્રેકટીસ કરતા હોવા જોઇએ.

૧૨. કોઇપણ પ્રકારની શરતી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ. શરતી અરજીઓ આપો આપ રદ્દ ગણવામાં આવશે.

૧૩. તમામ અરજદાર એડવોકેટસની અરજીઓની સ્કુટીની કરી નિયત લાયકાત ધરાવતા એડવોકેટસની અરજીઓજ ગ્રાહય રાખવામાં આવશે. તેમજ આ લાયક ઠરેલ અરજીઓમાં એડવોકેટસ દ્વારા કન્વેયન્સ ડીડ/વેંચાણ દસ્તાવેજ નોંધણી માટે/એસોશિયેશન ઓફ પર્સનની નોંધણી માટે ભરેલ ચાર્જ પૈકી, **સૌથી નીચા (L1) ચાર્જથી** તમામ એડવોકેટસને આવાસ યોજના વિભાગ ખાતે પેનલ એડવોકેટ તરીકે કામગીરી સુપ્રત કરવામાં આવશે. આ નિયત ચાર્જથી કામ કરવા ઇચ્છતા એડવોકેટસ દ્વારા નિયત ચાર્જથી અને શરતોને આધિન કામગીરી કરવા સંમતિ પત્રક નિયત સ્ટેમ્પ પર આપવાનું રહેશે.



ફોર્મ ભરનાર એડવોકેટનું નામ : ..................................... ફોર્મ ભરનાર એડવોકેટની સહી : .................

૧૪. પેનલ એડવોકેટસની અરજીઓ કે નિમણુંક અંગે કોઇપણ પ્રશ્ન ઉપસ્થિત થયે કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

૧૫. નિયત નમુનાનું ફોર્મ ભરી જરૂરી આધાર પુરાવા સાથે ફકત રજીસ્ટર્ડ એડી અથવા સ્પીડ પોસ્ટ મારફત તા.૧૦/૦૪/૨૦૨૩ સુધીમાં, **ડો. આંબેડકર ભવન, સેન્ટ્રલ ઝોન, આવાસ યોજના વિભાગ, રૂમ નં ૦૨, બીજો માળ, ઢેબરભાઇ રોડ, રાજકોટ ખાતે** મોકલી આપવાનું રહેશે. કુરીયર મારફત કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહિ. તેમજ નિયત સમય મર્યાદા બાદ અરજી સ્વીકારવામાં આવશે નહિ.

૧૬. અરજી પત્રક સાથે સામેલ રાખવાના ડોકયુમેન્ટની વિગત :

| ડોકયુમેન્ટની વિગત | જોડેલ છે કે કેમ ? હા અથવા ના. |
|---|---|
| એડવોકેટના રાજકોટ ખાતેના નિવાસ્થાનના આધારની નકલ | |
| રાજકોટ શહેર ખાતે ઓફિસ ધરાવતા હોય તો ઓફિસનો આધાર વેરાબીલ/લાઇટ બીલ/ વ્યવસાય વેરો ભર્યાની પહોંચની નકલ | |
| આધાર કાર્ડની નકલ | |
| LLB ડીગ્રીની નકલ (ડીગ્રી સર્ટીફિકેટની નકલ ખાસ જોડવી) | |
| બાર કાઉન્સીલના નોંધણી અંગેના આધારની નકલ | |

*** તમામ આધાર પુરાવાઓ SELF ATTEST કરવાના રહેશે.**